# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-07-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## સંસદના ચોમાસુ સત્ર અગાઉ સર્વપક્ષીય બેઠક મળી:

**આજથી સંસદના ચોમાસુ સત્રના પ્રારંભ અગાઉ સંસદના ચોમાસુ સત્ર પહેલા બંને ગૃહોની કાર્યવાહી સુચારુ રીતે ચાલે તે માટે સરકારે ગઈકાલે સર્વપક્ષીય બેઠક યોજી હતી. લોકસભા અને રાજ્યસભામાં વિવિધ રાજકીય પક્ષોનું પ્રતિનિધિત્વ કરતા નેતાઓએ આ બેઠકમાં હાજરી આપી હતી. રાજ્યસભામાં ગૃહના નેતા અને કેન્દ્રીય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ બેઠકની અધ્યક્ષતા કરી.**

**બેઠકમાં સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ અને ડૉ. એલ. મુરુગન હાજર રહ્યા હતા. આ ઉપરાંત, કોંગ્રેસના ગૌરવ ગોગોઈ અને પ્રમોદ તિવારી, NCP-SCPના સુપ્રિયા સુલે, DMKના તિરુચી શિવા અને ટી.આર. બાલુ, સમાજવાદી પાર્ટીના રામ ગોપાલ યાદવ, આમ આદમી પાર્ટીના સંજય સિંહે બેઠકમાં હાજરી આપી હતી.મીડિયા સાથે વાત કરતા સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ બેઠક રચનાત્મક રહી હોવાનું જણાવ્યુ.**

---

## અમદાવાદ વિમાન દુર્ઘટના:

**કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ કિંજરાપુએ કહ્યું કે અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે વિમાન અકસ્માત તપાસ સંસ્થા - AAIB ના પ્રારંભિક અહેવાલના આધારે કોઈ નિષ્કર્ષ પર પહોંચવું ઉચિત નથી. અંતિમ અહેવાલ ન આવે ત્યાં સુધી કોઈ ટિપ્પણી કરવી યોગ્ય નથી.**

**તેમણે પશ્ચિમી મીડિયાની ટીકા કરી અને કહ્યું કે તેઓ જે પ્રકારના લેખો પ્રકાશિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમાં તેમનો સ્વાર્થ હોઈ શકે છે. તેમણે ભારતમાં જ બ્લેક બોક્સને ડીકોડ કરવા બદલ AAIBની પ્રશંસા કરી.**

**શ્રી નાયડુએ કહ્યું કે દેશના દસ મુખ્ય શહેરો માટે સીધી હવાઈ સેવાઓ ગઈકાલથી હિંડોન ટર્મિનલથી શરૂ થઈ ગઈ છે. જેમાં અમદાવાદ સહિત 10 શહેરોનો સમાવેશ થાય છે.**

---

## કચ્છના પ્રભારી સચિવ હર્ષદ પટેલે સમીક્ષા કરી:

કચ્છના પ્રભારી સચિવ અને આરોગ્ય કમિશનર હર્ષદ પટેલે કચ્છમાં ચાલી રહેલી રોડ રસ્તા રીપેરીંગની કામગીરી અંગે અધિકારીઓ સાથે બેઠક યોજીને સમીક્ષા કરી હતી. રાજ્ય સરકારની સૂચનાઓનું પાલન થાય તેમજ કોઈપણ ભયજનક બ્રીજ કે પુલ ખુલ્લો રહે નહીં તે માટે પ્રભારી સચિવે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત, તેમણે કચ્છ જિલ્લામાં આવેલી તમામ આંગણવાડીઓ, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાઓના જર્જરિત હોય તેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશે અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી. જો શાળામાં કે આંગણવાડીમાં જર્જરિત રૂમ હોય તો વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે પ્રભારી સચિવે સૂચના આપી હતી. આ ઉપરાંત, જે શાળાઓમાં કે આંગણવાડીઓમાં નવા ઓરડા બનાવવાની કે નવા ભવન બનાવવાની કામગીરી ચાલી રહી છે તેને વિના વિલંબે પૂર્ણ કરવા જણાવ્યું હતું.

પ્રભારી સચિવે કચ્છમાં ફિલ્ડ વિઝિટ કરીને રોડ રસ્તાની રીપેરીંગની કામગીરી ઝડપથી અને ગુણવત્તાયુક્ત રીતે થાય તે હેતુથી પ્રાંત અધિકારી તેમજ માર્ગ અને મકાનના શીર્ષ અધિકારીઓ સાથે કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે મુન્દ્રા અને ભુજના વિવિધ રોડ રસ્તાઓની મુલાકાત લીધી હતી. મુન્દ્રાના બાબીયા બરાયા બ્રીજની પણ મુલાકાત લઈને શ્રી પટેલે સમીક્ષા કરી હતી.

---

## ઓગસ્ટ ખાસ મતદારયાદી સુધારણા અભિયાન:

ઓગસ્ટ માસથી આખા દેશમાં ચૂંટણીપંચે ખાસ મતદારયાદી સુધારણા અભિયાન હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આ અગત્યની કવાયત વચ્ચે મતદાન મથકના પુનર્ગઠનને અંગે લેવાયેલા મહત્ત્વના નિર્ણય અંતર્ગત હવેથી શહેરી અને ગ્રાંમીણ વિસ્તારમાં 1200 મતદારની મર્યાદામાં એક મતદાન મથક ઊભું કરવામાં આવશે. જીલ્લામાં પણ મતદાન મથકના પુનર્ગઠનને લઈ કામગીરી હાથ ધરાઈ  છે.  મતદાન મથકના પુનર્ગઠનનાં પગલે હવે પછીની યોજાનારી ચૂંટણીમાં કચ્છમાં મતદાન મથકોની સંખ્યામાં મોટો ફેરફાર જોવા મળશે તેવો મત વ્યક્ત કરાઈ રહ્યો છે.

કચ્છમાં છેલ્લે યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં  16 મતદાન મથકના ઘટાડા સાથે 1844 બૂથ પર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એન.જે.ચૂડાસમાના જણાવ્યાનુસાર મતદાન મથકોની પ્રાથમિક સુધારાયાદી બહાર પાડવામાં આવી છે, જે અલગ-અલગ સ્થળે જોવા માટે મૂકવામાં આવી છે અને 21 જુલાઈ સુધી વાંધા સૂચનો માગવામાં આવ્યાં છે.

---

## અંજાર ભુકંપને 69 વર્ષ પુરા થયા:

કચ્છમાં અંજાર અને પૂર્વ કચ્છના કેટલાક વિસ્તારોમાં થયેલ ભીષણ ભૂકંપની  હોનારતને આજે 69 વર્ષ પૂરાં થાય છે. પૂરા 69 વર્ષ પહેલાં 1956ની 21 મી જુલાઈએ રાત્રે નવ વાગ્યે આવેલા ભૂકંપમાં અંજારમાં જાનમાલની ભારે તારાજી સર્જાઈ હતી. એ પછી નવસર્જન હાથ ધરાયું અને નયા અંજારનું નિર્માણ થયું હતું. એ પછી 45 વર્ષ બાદ અંજાર વિસ્તાર 2001ના ભીષણ ભૂકંપનો ભોગ  બન્યો હતો. અંજાર વિસ્તાર 1956ની ભૂકંપ ની દુર્ઘટનાને વિસરી શકેલ નથી.

---

# જિલ્લામાં એક જ દિવસમાં  બે ભુકંપના આંચકા નોંધાયા:

જીલ્લામાં એક જ દિવસમાં ભૂકંપના બે આંચકા અનુભવાયા. ગઈરાત્રે ૯ વાગીને ૪૭ મિનિટે ખાવડાથી પૂર્વે સાધારા નજીક ૪ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હોવાનું સિસ્મોલોજીટલ રિસર્ચ સંસ્થા ગાંધીનગર  દ્વારા જણાવ્યું હતું. આ અગાઉની મધરાત્રે ૧૨ વાગીને ૨૯  મિનિટે  ભચાઉના બંધડી નજીક ૩.૧ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો.

---